# દર્શકોને હિન્દી કરતાં દક્ષિણની ફિલ્મોમાં વધુ રસ છે!

દર્શકોને હિન્દી કરતાં દક્ષિણની ફિલ્મોમાં રસ વધુ રહ્યો છે અને એના વિશે જાણવાની ઉત્સુકતા વધુ હોય છે એ અલ્લુ અર્જુનની 'પુષ્પા 2: ધ રુલ'ના ટીઝર પછી ફરી સાબિત થયું છે. 'પુષ્પા'ની સફળતા પછી 'પુષ્પા 2'ની આતુરતાથી રાહ જોવામાં આવી રહી છે. 'પુષ્પા 2'ના ટીઝરને થોડા જ કલાકોમાં હિન્દી ફિલ્મો 'એનિમલ'કે 'ડંકી'કરતાં વધુ જોવામાં આવ્યું છે. હિન્દી ફિલ્મોના નિર્માતાઓ માટે વધારે શરમની વાત એ છે કે ભારતીય ફિલ્મોમાં અત્યાર સુધી જેના ટીઝર સૌથી વધુ જોવાયા છે એમાં પ્રથમ પાંચમાં દક્ષિણની જ ફિલ્મો છે. એમાં ત્રણ તો પ્રભાસની છે! 24 કલાકમાં સૌથી વધુ જોવાયેલા ટીઝરમાં 'સાલાર' પહેલા સ્થાને છે. બીજા સ્થાન પર 'આદિપુરુષ', ત્રીજા પર 'KGF 2', ચોથા પર પ્રભાસની જ 'રાધેશ્યામ'છે અને હવે પાંચમું સ્થાન અલ્લુની 'પુષ્પા 2'એ મેળવી લીધું છે. 'પુષ્પા'નો અલ્લુનો લુક દર્શકોને બહુ પસંદ આવ્યો હતો અને એનો બીજો ભાગ જોવાની ઉત્સુકતા વધી ગઈ હતી. દર્શકોને ટીઝરમાં અલ્લુનો સાડીમાં અલગ લુક જબરદસ્ત લાગ્યો છે. બીજા કોઈ હીરો આજ સુધી સાડીમાં આટલી પ્રસંશા મેળવી શક્યા નથી. હાથમાં ત્રિશૂળ સાથે તે દુશ્મનો સાથે લડી રહ્યો છે. પગમાં ઘૂંઘરું, કાનમાં ઝૂમખાં અને આંખમાં કાજળ છે પરંતુ આ લુક ફિલ્મનો કે કોઈ ગીતનો એક ભાગ જ લાગી રહ્યો છે. અલ્લુનો અસલ ખાસ લુક હજુ આવ્યો નથી. આ વખતે ફિલ્મનું બજેટ રૂ.500 કરોડનું રાખવામાં આવ્યું છે. ફિલ્મમાં હીરોઈન તરીકે રશ્મિકા મંદાના છે. જ્યારે વિલન તરીકે ફહાદ ફાસિલ દેખાશે. નિર્દેશક સુકુમારની 'પુષ્પા 2'ને 15 ઓગસ્ટે રજૂ કરવાની જાહેરાત થઈ છે અને એ જ દિવસે રોહિત શેટ્ટીની 'સિંઘમ 3'આવવાની છે. 'પુષ્પા 2'ના ટીઝરને સારો પ્રતિભાવ મળ્યો છે. એના વિતરણ માટે કરોડો રૂપિયાની ઓફર મળવા લાગી હોવાના અહેવાલ પછી રોહિત શેટ્ટી પોતાની લોકપ્રિય ફ્રેન્ચાઇઝીની રજૂઆતની તારીખ બદલવા મજબૂર થાય છે કે નહીં એ જોવાનું રહેશે. ફિલ્મનો પહેલો ભાગ રજૂ થયો ત્યારે એની સફળતા વિષે કોઈને આશા ન હતી. એના વિશે ઘણી નકારાત્મક વાતો થઈ હતી. ત્યારે 'પુષ્પા'ના આઈકોનિક અવતારમાં અર્જુને સાબિત કર્યું હતું કે તે 'ફ્લાવર નહીં ફાયર'છે. ટીઝરમાં એક પણ સંવાદ વગર અલ્લુએ ડર, હિંસા વગેરે બધું જ પોતાના હાવભાવમાં બતાવી દીધું છે. ભૂમિકા માટેનું એનું સમર્પણ જોતાં એમ લાગે છે કે હવે અલ્લુ વધારે મોટો સ્ટાર બની જશે અને એની કિંમત પણ વધી જશે.





ફિલ્મ ટી.વી
રાકેશ ઠક્કર

## સંજય લીલા ભણસાલીએ બેકાર કલાકારોને રોજગાર આપવાનું કામ કર્યું છે?!

શું સંજય લીલા ભણસાલીએ બોલિવૂડમાં જેને કામ મળતું નથી એમના માટે વેબસીરિઝ 'હીરામંડી: ધ ડાયમંડ બજાર'બનાવી છે? ટ્રેલર જોયા પછી સૌથી પહેલાં આ સવાલ થઈ રહ્યો છે. તેઓ ફિલ્મોનું સફળ બજાર છોડીને ડિજિટલ પ્લેટફોર્મ પર કેમ આવ્યા હશે એ વળી અલગ સવાલ છે. છેલ્લે તવાયફના જીવન પરની જ સફળ ફિલ્મ 'ગંગુબાઈ કાઠિયાવાડી'આપી હતી. 'હીરામંડી'માં મોટી સ્ટારકાસ્ટ છે. એમાંથી એક પણ કલાકાર એવો નથી જે અત્યારે સેલેબલ હોય કે ક્યાંક કોઈ મહત્ત્વની ભૂમિકા ભજવતો હોય. મનીષા કોઈરાલા, સોનાક્ષી સિંહા, અદિતિ રાવ હૈદરી, ઋચા ચઢ્ઢા, શેખર સુમન, અધ્યયન વગેરેની યાદી લાંબી છે. મનીષા કોઈરાલા 28 વર્ષ પછી કોઈ મહત્ત્વની ભૂમિકામાં દેખાઈ રહી છે. જ્યારે ફરદીન ખાન તો 14 વર્ષ પછી અભિનયમાં પુનરાગમન કરી રહ્યો છે. 'મલ્લિકાજાન' બનતી મનીષાની ભૂમિકા મહત્ત્વની છે. તેને તવાયફોના મહેલની મુખિયા બતાવવામાં આવી છે. 'પદમાવત'અને 'દેવદાસ'જેવી ભવ્ય ફિલ્મો બનાવનાર સંજયની પહેલી વેબસીરિઝ પણ એટલી જ ભવ્ય લાગી રહી છે. બલકે સેટ પર વધુ પડતો ખર્ચ કરી દીધો હોય એવું લાગે છે. તવાયફોના કોઠાને વધુ પડતા મોટા અને ભવ્ય બતાવ્યા છે. ટ્રેલર એટલું લાંબું છે કે વાર્તાનો અંદાજ આવી ગયો છે. ભારતની આઝાદી પહેલાં લાહોરમાં રેડલાઇટ વિસ્તારની તવાયફોએ કેવી રીતે બ્રિટિશ કાળના શાસનના પાયા હચમચાવી દીધા હતા અને 'હીરામંડી' ના મહેલોમાં રહેનારી મહિલાઓનું સ્વતંત્રતા આંદોલનમાં કેટલું પ્રદાન હતું એ બતાવવામાં આવ્યું છે. ભણસાલીએ આ વેબસીરિઝની જાહેરાત કરી ત્યારે લખ્યું હતું કે,''જહાં તવાયફેં રાનીયાં થી.'' શાહી જિંદગી જીવતી સ્ત્રીઓ પોતાનું અસ્તિત્વ બચાવવા માટે એક લડાઈ લડે છે એની વાર્તા છે. ટ્રેલરમાં સંવાદ દમદાર છે. શરૂઆતમાં ઋચાનો સંવાદ છે કે,'સિર્ફ ઘૂંઘરું પહન લેને સે એક ઔર તવાયફ નહીં બનતી હૈ' અને એ પછી મનીષા કોઈરાલા છોકરીઓને શીખવે છે કે,'જબ પાન રખતે હુએ હાથ છૂ જાયે તો સાહેબ કે અરમાન જાગ જાને ચાહીએ.' વેબસીરિઝના બે ગીત 'સકલ બન'અને 'તિલિસ્મી બાંહેં'આવી ચૂક્યા છે. એની પાછળ મોટો ખર્ચ કરવામાં આવ્યો છે છતાં ખાસ લોકપ્રિય થઈ શક્યા નથી. અત્યારે સંજય લીલા ભણસાલી સિવાય વેબસીરિઝમાં એવું કોઈ નથી જેના નામ પર જોઈ શકાય. 1 મેના રોજથી OTT પર આ વેબસીરિઝ શરૂ થયા પછી જ ખ્યાલ આવશે કે ભણસાલીની મહેનત સફળ થશે કે નહીં?



# નર્મદાને કાંઠે હિલ્લોળાતું બાળપણ

રાકેશ પટેલ

ઉનાળો આવે એટલે ઘરની સીમાઓના કમાડ આપોઆપ ખૂલી જતાં. ઉનાળાને તો ખુલ્લાપણું જોઇએ. બીજી બધી ઋતુઓ કરતાં ઉનાળાનો ઠાઠમાઠ થોડો અલગ રહેતો. ત્યારે અમે બાળકો બપોરના ગુલમહોર નીચે એનાં લાલચટ્ટાક ફૂલોને વીણી ભેગાં કરીએ. તાજાં ખીલેલાં ફૂલો નર્મદાને અર્પણ કરવાં સાચવી રાખતાં. પછી સાંજની આંગળી પકડી અમે મિત્રો, વડીલો સંગાથે જઈ પહોંચીએ નર્મદાના કાંઠે !સાંજના આથમતા સૂરજના પ્રકાશથી નર્મદાનો જળપ્રવાહ કેસરિયા રંગમાં રંગાઇ દીપી ઊઠતો. એમાંય પાછો આછો ગુલાબી રંગ અને વાદળી રંગની એમાં પૂરવણી થતી. નદી જાણે મેઘધનુષ બની શોભી ઊઠતી ! અને તેના આ પ્રકાશથી છીપલાં પણ ચમકી ઊઠતાં. અમે પટ પર દૂર દૂર સુધી ચાલી, રેતીને ખોદીને કંઇક શોધવાની મથામણ કરીએ. ત્યારે રેતીમાંથી કોઇ શંખ કે અન્ય કોઇ વસ્તુ મળી જાય ત્યારે તો લાગતું સૌથી ધનિક વ્યક્તિ આખી દુનિયામાં બીજો કોઇ હોઇ જ ન શકે ! શંખ અને છીપલાંથી ખિસ્સાં છલકાઈ જતાં. એ જ હતી બાળપણની મૂડી અમારી !

સૌથી વધુ અમને શંખ શોધવામાં રસ. નાનામોટા શંખ મળ્યે જતા પણ મને ખાસ કરીને કૃષ્ણે જે મહાભારતના યુધ્ધ દરમિયાન શંખ ફૂંક્યો હતો એ શોધવામાં રસ વિશેષ રહેતો. ત્યારે ખબર નહીં પણ કોઈકે કાનમાં એ વાત રેડી હતી કે, એ શંખ કેવળ નર્મદાએ જ મળે... અને જેને પણ મળે એ સ્વર્ગ પામે !

એ પંચજન્ય શંખ માટે તો કેટલુંય ચાલ્યો હોઇશ. કાંઠે જે કંઈ ચમકતું દેખાય એ મને પંચજન્યના ભ્રમમાં નાંખી દે. અમારી સાથે ત્યારે પાડોશમાં એક દવે ફેમિલી રહેવા આવ્યું હતું. એ પણ અમારી સાથે જ હોય મોટાભાગે. તેમની એક દીકરી હતી. નામ એનું વૈશાલી.
સ્વભાવે થોડી અભિમાની. પોતે અમારા કરતાં કેટલી વધુ જ્ઞાની છે તે જતાવ્યે રાખ્યે ! અને નદી કાંઠે સૌથી વધુ શંખ-છીપલાં પણ એને જ મળ્યાં હોય ! અને તે પણ અલગ અલગ આકાર અને રંગનાં ! અમે તો બસ જોયા જ કરીએ........ ખૂબ ઇર્ષા થતી એની. એક વખત તો એને મોટો ચમક્તો ને લીસ્સો શંખ મળ્યો. હું તો એમ જ માની બેઠો હતો કે મારી પ્રાર્થનાનું ફળ એ લઇ ગઈ. એ શંખ લેવા માટે કંઈ કેટલીય યુક્તિ-પ્રયુક્તિઓ કરી પણ એનું મૌન ઓગળે જ નહીં ! એને મનગમતાં ફૂલો આપ્યાં, કાંઠે આવેલી કોતરો અને વગડા વચ્ચે જઈને એને ભાવતાં મીઠાં બોર તોડી આપ્યાં; તો ય એ શંખ તો ન જ મળ્યો.





**અમે પટ પર દૂર દૂર સુધી ચાલી, રેતીને ખોદીને કંઇક શોધવાની મથામણ કરીએ. ત્યારે રેતીમાંથી કોઇ શંખ કે અન્ય કોઇ વસ્તુ મળી જાય ત્યારે તો લાગતું સૌથી ધનિક વ્યક્તિ આખી દુનિયામાં બીજો કોઇ હોઇ જ ન શકે ! શંખ અને છીપલાંથી ખિસ્સાં છલકાઈ જતાં. એ જ હતી બાળપણની મૂડી અમારી !**

બપોરે અમે મિત્રો ભેગા થઈ બોર તોડવા દૂર ખેતરોમાં જઇએ. ત્યારે બોરની ઋતુ.
લાલપીળા બોરથી બોરડીઓ લચી પડી હોય. બપોરના સમયે બધા આરામમાં હોય-સૂતા હોય, એનો લાભ લઈ અમે નીકળી પડીએ અને ખાસ ધ્યાન એ રાખીએ કે તે અમને જોઈ ન જાય!
કેમ કે એ થોડી ચાગલી અને ફરિયાદો કરતી રહેતી. પછી અમારે તો વડીલોની વઢ ખાવી જ પડે ! ધોમધખતા તડકામાં અમે શેકાઇ બોર વીણીએ, હાથે કાંટા પણ વાગ્યા હોય અને જ્યારે પાછા ફરીએ ત્યારે તે સામે જ ઊભી હોય! ગમે તેવા પ્રયત્નો કરીએ, તેનાથી દૂર ભાગવાના કે છુપાવાના...તે અમને શોધી જ કાઢે ! અને પછી સારાં સારાં, મીઠાં બોર તે અમારી ઝોળીમાંથી વીણી ચાલી જાય! અને જ્યારે એની પાસે બોર હોય અને માગ્યા હોય ત્યારે વડીલો કહે, છોકરીઓ પાસેથી મગાય નહીં, એમને તો આપવાનું હોય! ઉનાળો વરસી રહ્યો છે. ગરમ હવા-લૂ વાઇ રહી છે. ત્યારે થાય છે દોડીને જાઉં નર્મદામાં.........
એક ડૂબકી લગાવી આવું. પણ મારી અને નર્મદા વચ્ચે 500-700 Kmનું અંતર આવી ગયું છે. હવે દોડીને કે એક છલાંગ મારી નથી પહોંચી શકાતું નર્મદાના ખોળામાં !
અને એ મિત્રો પણ ક્યાંક ખોવાઈ ગયા છે. ભલે એ પંચજન્ય શંખ નથી જોઇતો મારે; મારે તો બસ મારા મિત્રો જોઇએ છે ! તમે કોઈએ જોયા છે મારા એ મિત્રો ને? કે મારે સ્મરણોને કોતરી કોતરીને શંખ બનાવી, સમયની ફૂંક માર્યા કરવાની?

# બોલો, જ્યોતિષી પોપટે કહી દીધું - કોણ ચૂંટણી જીતશે!

## માલિકને પોલીસ ઉપાડી ગઈ, જાણો પોપટનું શું થયું!?

લાઈફ-ઓન
★ ફાલ્ગુની આશર

એક બાજુ લોકસભા ચૂંટણીને લઈને માહોલ ગરમ છે, માથે ઉનાળો છે અને હવે તમિલનાડુના એક વિસ્તારમાંથી અહેવાલ આવી રહ્યા છે કે એક પોપટના માલિકની ધરપકડને લઈને રાજકારણ શરૂ થઈ ગયું છે! વિપક્ષનો આરોપ છે કે રાજ્ય સરકારે પોતાની હાર સહન ન કરી શકવાના કારણે આવું કર્યું છે! લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારની જીતની આગાહી કરવી પોપટના માલિક માટે મોંઘી સાબિત થઈ છે! એટલી મોંઘી કે પોપટના માલિકની ધરપકડ કરવામાં આવી છે! મામલો તમિલનાડુના કુડ્ડલોર વિસ્તારનો છે. ભવિષ્ય ભાખતાં પોપટે પટ્ટલી મક્કલ કાચી (PMK) પાર્ટીના ઉમેદવારની જીતની આગાહી કરી હતી. તેનો વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો! આ પછી મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.

એક અહેવાલ મુજબ પોલીસે ચૂંટણીમાં કોણ જીતશે એવું અત્યારથી જાહેર કરી દેનારાં પોપટને પણ થોડા સમય માટે પોતાના કબજામાં રાખ્યો હતો. બાદમાં પીંજરામાંથી જ છોડાવી મૂકવામાં આવ્યો હતો. વાત કંઈક એમ બની છે કે, કુડ્ડલોર પ્રદેશમાંથી PMKના ઉમેદવાર થંકર બચ્ચન છે, જે એક ફિલ્મ નિર્દેશક છે. 7 એપ્રિલના રોજ બચ્ચન મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા. અહીં તેણે એક જ્યોતિષ સેલ્વરાજને જોયો હતો, જેણે પોપટને પાંજરામાં રાખ્યો હતો. આ પોપટ ઘણા કાર્ડમાંથી એક કાર્ડ પસંદ કરીને ભવિષ્યવાણી કરતો હતો. ચૂંટણીમાં જીતને લઈને થંકર બચ્ચનની ઉત્સુકતા પણ વધી છે. બચ્ચન તેમના સમર્થકો સાથે પોપટ પાસે પહોંચ્યા હતા.
પોપટને પાંજરામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. થંકર માટે પોપટે એક કાર્ડ પસંદ કર્યું હતું. આ કાર્ડ દ્વારા પોપટ ઉમેદવારને તેમનું ભવિષ્ય જણાવવાનો હતો. જ્યોતિષીએ કાર્ડ જોયું અને સારા સમાચાર આપ્યા. કાર્ડ મુજબ આ ચૂંટણીમાં થંકર બચ્ચન જીતવાના હતા. આગળ શું થયું, બચ્ચન પણ ખુશ થઈ ગયો અને ખુશીમાં તેણે પોપટને કેળું ખવડાવ્યું.
આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. આ પછી પોપટના માલિક સેલ્વરાજ અને તેના ભાઈની પોલીસે ધરપકડ કરી હતી. જો કે બાદમાં તેને ચેતવણી આપીને છોડી દેવામાં આવ્યો હતો. પોલીસને સેલ્વરાજ પાસેથી કેટલાક વધુ પોપટ પણ મળી આવ્યા હતા, જેને જંગલમાં છોડવામાં આવ્યા હતા.
જો કે આજે પોપટ ઊડી ગયો, પોપટનો માલિક પણ પોલીસના હાથમાંથી મુક્ત થઈ ગયો છે પરંતુ આ મુદ્દે રાજકારણ શરૂ થયું છે. પોલીસની આ કાર્યવાહી પર PMKએ DMK સરકાર પર નિશાન સાધ્યું છે. PMK પ્રમુખ ડો.અંબુમણિ રામદોસે આની નિંદા કરી છે અને કહ્યું છે કે DMK સરકારે આવું એટલા માટે કર્યું છે કારણ કે તેઓ પોતાની હાર ભાળી ગયા છે!



# પુરાણોની જીવસૃષ્ટિ

સમુદ્ર એક કિનારા અનેક
★ નરેન્દ્ર જોશી

સીતા માતાનું હરણ કરીને આકાશ માર્ગે જતા રાવણને પડકારનાર જટાયુ હોય, સીતા માતાનો મતિભ્રમ કરવા સુવર્ણ મૃગનું સ્વરૂપ લેનાર મારિચ હોય કે બાલકૃષ્ણને મારવા માટે વિવિધ રૂપ લેનાર રાક્ષસ હોય કે વિષ્ણુને પ્રવાસ કરાવતા કરાવતા જ્ઞાની થઈ ગયેલ ગરુડ હોય આપણને કંઈ જ નવાઈ નથી લાગતી કારણ કે આપણાં આ પાત્રોની વાતો આપણા ઉછેરનો, આપણા સંસ્કારનો એક અનિવાર્ય હિસ્સો બની ગયો છે પણ દેવહૂમાની વાત કરીએ તો કેટલાને તરત ખ્યાલ આવશે કે શેની વાત થઈ રહી છે ?

આપણા શહેર પર મોટી કુદરતી આપત્તિ આવી છે ત્યારે આપણા શાણા માણસો કહેતા આવ્યા છે કે ફિકર ન કરો. આપણું શહેર દેવહૂમાની જેમ ફરીથી ઝડપથી બેઠું થઈ જશે.



સામાન્ય માણસોને આ શાણા માણસોની વાતમાં ઝાઝી સમજ નહીં પડે તો એટલું સમજાય કે કંઈક આશાવાદની વાત છે. હા. દેવહૂમા આશાવાદનું પ્રતીક છે, નિરાશાના ખંડિયેરમાંથી આશાનો મિનારો ફરીથી બનાવવાનો અણસાર આપે છે. દેવહૂમા(Phoenix -ફિનિક્સ) વાસ્તવમાં મિથક એટલે કે પૌરાણિક કથાનું પાત્ર છે. તે ગરુડ જેવું એક કાલ્પનિક પક્ષી છે. તેની પાંખ પહોળી છે અને રંગબેરંગી પીંછાં ધરાવે છે. તે કાયમ કિલ્લોલ કરતું પંખી છે અને દર 500 વર્ષે તે આપોઆપ સળગી ઊઠે છે અને તેનાં પીંછાં આગમાં રંગબેરંગી કલાત્મક આકાર ધારણ કરે છે અને તેનો દેહ બળીને ભસ્મીભૂત થઈ જાય પછી તેની રાખમાંથી તેનું નવું સર્જન થાય છે. ગ્રીક પુરાણ કથાઓનો એક ભાગ બનેલું આ પક્ષી ઈજિપ્ત અને આરબોની દંતકથાનો પણ એક ભાગ હતું એમ કહેવાય છે. ઈજિપ્તનાં હવે નામશેષ થયેલાં પક્ષી બેન્નું ક્રૌંચ પર તેની દંતકથા રચાઈ હોવાનું સંશોધકો માને છે. ગીત તેને લોકકથા કહે છે કે ઓસિરીસ નામના એક રાજાના મૃત્યુ પછી તેના હૃદયમાંથી બેન્નું ક્રૌંચનો જન્મ થયો હતો. બીજી એક લોકકથા કહે છે કે સૂર્યદેવતા- રાધા એક અનંત નગર પાસે એક વૃક્ષ બનીને રાખ થઈ ગયું હતું અને તેમાંથી બેન્નુ ક્રૌંચનો જન્મ થયો હતો. દંતકથા કહે છે કે દેવહૂમા પક્ષી પોતાના જીવનનો અંત આવવાનો હોય ત્યારે પોતાના જન્મસ્થળ આ મંદિર પાસે આવે, માળો બાંધે અને ઓચિંતા ભડકે બળવા માંડે અને આ પક્ષી રાખ બની જાય અને તેમાંથી ફરી બેઠું થાય. પૌરાણિક માન્યતા ક્ષેત્રે ડ્રેગનની ભેટ આપનાર ચીનમાં પણ દેવહૂમા જેવું પક્ષી છે. ફેંગ હુઆંગ એક એવું દુર્લભ પક્ષી છે જેનું શરીર વિવિધ જાતનાં પશુપંખીઓનાં અંગોનું બનેલું છે એનું ડોકું તેતરનું હોય છે અને પીઠ કાચબાની હોય છે.

ગ્રેટ ઈતિહાસકાર હેરોડોટસ પ્રાચીન ઈજિપ્તના પ્રવાસે ગયો હતો અને દેવહૂમાની વાત પોતાના પ્રદેશમાં કરી હતી ત્યારથી પાશ્ચાત્ય જગતને આ 'અદભુત' પક્ષીની જાણ થઈ હતી! આપણા બજરંગ બલીનો દાખલો લો. વજ્રાંગનું અપભ્રંશ બજરંગ થયું હોવાનું આપણા ભાષાશાસ્ત્રીઓ કહે છે અને રામાયણમાં હનુમાનજીની શક્તિનું જે વર્ણન આવે છે તેનો પાશ્ચાત્ય લોકો સ્વીકાર ન કરે પણ આપણા અભણ કે નિર્બળ માણસ પણ બજરંગ બલી સાંભળતા જ આસ્થા અને શક્તિનો સંચાર અનુભવે.આફ્રિકાના આદિવાસીઓ 'થન્ડર બર્ડ'ની કલ્પનાથી ઉત્તેજિત થઈ જાય છે. આ 'થન્ડર બર્ડ' વાદળોમાં ગડગડાટ કરાવે છે. અમેરિકાના આદિવાસીઓ માટે 'લાઈટનિંગ બર્ડ' વીજળીના ચમકારા કરાવે છે.

આ પક્ષીઓ દેખાય ત્યારે વરસાદ ટૂંક સમયમાં પડે એવો ખેતીવાડી પર જીવનારા એ સમાજના લોકોને અણસાર આવે. આ પક્ષીઓ ઊંચા પહાડ પર માળો બાંધી રહે છે અને તે સામાન્ય માણસને દેખાય નહીં. દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેમાં આ પક્ષી ઈમ્પુંડુલુ તરીકે જાણીતું છે અને તેની કામગીરી વૈદોને મદદ કરવાની અને આધ્યાત્મિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાની છે. નોર્થ દંતકથામાં સૌથી શક્તિશાળી ભગવાન ઓડિનના જાસૂસ તરીકે હ્યુતિન અને મુનિન નામના બે જંગલી કાગડા કામ કરે છે. સ્થાનિક ભાષામાં 'વિચાર' 'અને 'સ્મૃતિ' તરીકે અસ્તિત્વ ધરાવતા આ કાગડા ઓડિન માટે પૃથ્વીની ફરતે દૈવી રાજ્યો પર નજર રાખવાની કામગીરી કરે છે. રશિયાના દંતકથારૂપ ગામાયુને પક્ષી સ્ત્રીનો ચહેરો અને પક્ષીનું શરીર ધરાવે છે અને પોતાના ગીતમાં ભવિષ્યવાણી કરે છે. તે વૈશ્વિક જ્ઞાન ધરાવે છે અને અજ્ઞાત વિશ્વને જોઈ શકે છે.

એઝટેક દંતકથાનું પ્રાણી (?) ક્વેત્ઝાલ કોટી રંગબેરંગી પીછા ધરાવે છે અને તે પવન દેવતા જ્ઞાન અને હુન્નરના દેવતા છે.

ડ્રેગન ચીન સહિત અનેક દેશોમાં ખાસ કરીને પૂર્વના અને અગ્નિના દેશોનું પુરાણકથા-દંતકથાનું વિકરાળ પ્રાણી છે. અલબત્ત પ્રદેશ તેનો સ્વરૂપભેદ પણ સામાન્ય રીતે છે પણ ડ્રેગન પાંખવાળું શિંગડાવાળું અને આગવાની ક્ષમતા ધરાવતું રાક્ષસી પ્રાણી છે. પૂર્વના ઘણા દેશોમાં ડ્રેગનને આંખ નથી હોતી બલકે તે શ્વાન, સાપ અને પક્ષીનું સંમિશ્રણ હોય છે. કેટલાક વિદ્વાનો તેને નામશેષ થયેલી મગરની વિરાટ જાત કે સ્થળાંતર કરનાર મગર સાથે સરખાવે છે. પ્રાચીન ગ્રીક લોકોએ પણ ડ્રેગનની ડરામણી વાતોનો સ્વાદ ચાખ્યો છે. સાઈક્લોપ્સ ગ્રીક અને રોમન પુરાણ કથાઓનો એક આંખવાળો રાક્ષસ છે.

**દેવહૂમા આશાવાદનું પ્રતીક છે, નિરાશાના ખંડિયેરમાંથી આશાનો મિનારો ફરીથી બનાવવાનો અણસાર આપે છે. દેવહૂમા વાસ્તવમાં મિથક એટલે કે પૌરાણિક કથાનું પાત્ર છે. તે ગરુડ જેવું એક કાલ્પનિક પક્ષી છે. તેની પાંખ પહોળી છે અને રંગબેરંગી પીંછાં ધરાવે છે. તે કાયમ કિલ્લોલ કરતું પંખી છે અને દર 500 વર્ષે તે આપોઆપ સળગી ઊઠે છે**

સિંદબાદની વાર્તાઓ માં પણ તેનો ઉલ્લેખ આવે છે. મોટે ભાગે વીર રસની વાર્તાઓમાં મનુષ્યને કલ્પના કરતા ધ્રૂજાવી મૂકે તેવા વિકરાળ પ્રાણીપક્ષીઓ સાથે વાર્તાનો નાયક લડાઈ કરે અને જીતીને આવે તેમાં તેની મહત્તા વધે એ વાર્તાનો હેતુ હોય.

વિવેક બુદ્ધિવાદ પ્રાચીન જગતમાં નહોતો એવું નથી પણ સામાન્ય લોકોને આવી વાતોમાં વધુ રસ પડતો અને જેમ કથાનું રાક્ષસી પાત્ર જેટલું ભયંકર એટલી શ્રોતાઓની વાર્તામાં તન્મયતા વધે અને કથાનકમાં શ્રદ્ધાનો ભાવ વધે એ આ પૌરાણિક પાત્રોની કલ્પના પાછળનો હેતુ હોય એમ લાગે છે.

આવાં તો અનેક પાત્ર દુનિયાભરમાં લોકવાર્તાઓ અને દંતકથાઓમાં તેમ જ પુરાણકથાઓમાં પ્રચલિત છે પણ આજના યુગમાં આ પાત્રો પણ છે જ પરંતુ કદાચ સ્વરૂપ બદલાયાં છે.